# કાંકરિયા કાર્નિવલ : લોકોના ઉત્સાહની વચ્ચે ધસારો જારી

## કાર્નિવલને માણવાની હવે છેલ્લી તક : લોકોના ધસારાને ધ્યાનમાં લઈ સઘન સુરક્ષા વ્યવસ્થા : સાવચેતીના પગલા

અમદાવાદ, તા.૨૯

શહેરમાં હાલમાં સાત દિવસ સુધી ચાલનારો કાંકરિયા કાર્નિવલ બસ હવે પૂર્ણતાની આરે છે. કાંકરિયા કાર્નિવલના છેલ્લા ત્રણ દિવસ બાકી જીતુ દ્વારકાવાલા તથા અજય બારોટ દ્વારા હાસ્ય દરબાર યોજાયો હતો. જેનાથી લોકો વધુ આકર્ષિત થયા હતા. તેમજ વિવિધ ગ્રુપ દ્વારા ડાન્સનું પર્ફોમન્સ કરવામાં આવ્યું હતું. તેમજ સરખામણીએ ગઈકાલે મુલાકાતીઓની ભીડ વધુ જોવા મળી હતી. રવિવાર રજાનો માહોલ હોવાથી માતા પિતા તેમના બાળકો સાથે કાંકરિયા કાર્નિવલનો પ્રોગ્રામ જોવા



કાંકરિયા કાર્નિવલે મુખ્ય આકર્ષણ જમાવ્યું છે. બાળકોના લોકપ્રિય પાત્ર ડોરીમોનનું કાર્ટૂન પણ રજુ થતા બાળકો ખૂબ જ ખુશ થયા હતા

રહ્યા છે ત્યારે શહેરીજનો ક્યાંય ક્યાંયથી કાંકરિયા કાર્નિવલને માણવા આવી રહ્યા છે. કાંકરિયા કાર્નિવલને માણી લેવાની હવે છેલ્લી તક રહેલી છે. લોકોના ધસારને ધ્યાનમાં લઈ પુરતા પગલા લેવાયા છે. શનિ-રવિ રજાનો માહોલ હોવાને કારણે જનમેદની ઊમટી પડી હતી. પરંતુ આજે ચાલુ દિવસ હોવાને કારણે છેલ્લા દિવસોની સરખામણીમાં આજે મુલાકાતીઓનો ધસારો ઓછો જોવા મળ્યો હતો. કાંકરિયા કાર્નિવલના આજે પાંચમાં દિવસે કરણ જાદુગરે જાદુ બતાવીને બાળકોને અદ્દભુત કરી દીધા હતા. તેમજ પ્રોફેસનલ ગ્રુપ દ્વારા અલગ અલગ કલા પણ બતાવવામાં આવી હતી. તેમજ હાસ્ય દરબારમાં લોક સંગીત દ્વારા લોકોને ગીતોની મજા પણ આપવામાં આવી હતી. છેલ્લે લેસર શો તેમજ આતશબાજી કરીને કાર્યક્રમ પૂર્ણ કરાયો હતો.

શહેરના કાંકરિયા વિસ્તારમાં ચાલી રહેલા કાંકરિયા કાર્નિવલમાં આજે રજાના દિવસે પ્રમાણમાં વધુ લોકો પહોંચ્યા હતા. ગઈકાલે ચોથા દિવસે પણ અગાઉ જાહેર કરવામાં આવેલા કાર્યક્રમ મુજબ જ તમામ કાર્યક્રમ યોજાયા હતા. જુદા જુા સ્ટેજ તૈયાર કરવામાં આવી ચુક્યા છે. જ્યાં કાર્યક્રમ યોજાઇ રહ્યા છે.ગઈકાલે ચોથા દિવસે પણ રંગારંગ લોક સંસ્કૃતિ અને ગીત સંગીતના કાર્યક્રમોની ભરમાર વચ્ચે કાર્નિવલનો રંગ છવાયેલો હતો. ત્રણ દિવસની મોટી સંખ્યામાં લોકો પહોચ્યા હતા. તંત્ર દ્વારા કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પગલા લેવામાં આવ્યા છે. કાંકરિયા કાર્નિકવલને ધ્યાનમાં લઈને મ્યુનિસિપલ તંત્ર દ્વારા મણિનગર સુધીની બીઆરટીએસની બીજી ૧૦ બસો મુકવામાં આવી છે જેથી લોકો તેનો લાભ લઈ શકે અને કાર્નિવલની મજા પણ માણી શકે. બીઆરટીએસ બસ કાંકરિયાના ગેટ પાસે ઉતારતી હોવાથી લોકોને બસમાં ઉતરીને પ્રાઈવેટ સાધન કરવું પડતું નથી, અને સરળતાથી તેઓ આવી જઈ શકે. સુરક્ષામાં પણ કોઈ કમી રાખવામાં આવી નથી. તમામ જગ્યાઓએ પુરતા પ્રમાણમાં સુરક્ષા જવાનો તૈનાત કરાયા છે.

# અમદાવાદમાં પીકે ફિલ્મનો વિરોધ : થિયેટરોમાં તોડફોડ

## પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચ્યો : ટિકિટ વિન્ડો પર તોડફોડ : સીસીટીવી દ્વારા તોફાની શખ્સોની શોધખોળ : રાજકોટ, સુરેન્દ્રનગર, નડિયાદમાં વિરોધ

અમદાવાદ, તા. ૨૯

આમિર ખાન અભિનીત પીકે ફિલ્મને લઈને વિવાદ દિન પ્રતિદિન વધુ ગંભીર બની રહ્યો છે. આજે ગુજરાતના અમદાવાદ સહિત કેટલાક ભાગોમાં વ્યાપક તોડફોડ કરવામાં આવી હતી. આમિર ખાનની પીકે ફિલ્મ ઉપર પ્રતિબંધ મુકવાની માંગણી પણ કરવામાં આવી હતી.

અમદાવાદ શહેરમાં નારાજ લોકોના ટોળા થિયેટરો ઉપર પહોંચ્યા હતા અને તોડફોડ કરી હતી. શહેરમાં થિયેટરો ઉપર તોડફોડ કરતા કેટલાક કાર્યકરો કેમેરામાં કેદ થઈ ગયા હતા. દેશના અન્ય ભાગોમાં પણ દેખાવો જારી હોવાનું જાણવા મળ્યું છે. મળેલી માહિતી મુજબ, અમદાવાદમાં ખૂબ જ વ્યસ્ત રહેતા આશ્રમ રોડ પર સ્થિત શિવ થિયેટર અને સીટી ગોલ્ડમાં ૨૦થી વધુ સભ્યોના ટોળાએ તોડફોડ કરી હતી. ટીકીટ વિન્ડો ઉપર તોડફોડ મચાવી હતી અને ફિલ્મના પોસ્ટર ફાડી દિધા હતા.

બનાવની જાણ થતાં નવરંગપુરા પોલીસ સ્ટેશનના અધિકારીઓ કાફલા સાથે પહોંચી ગયા હતા પરંતુ હુમલાખોરો ફરાર થઈ ગયા હતા. હુમલામાં સામેલ લોકોને ઓળખી કાઢવાના પ્રયાસો હાથ ધરાયા છે. આ તોડફોડ સવારે ૧૦ વાગ્યાની આસપાસ થઈ હતી. બન્ને થિયેટરોમાં તોડફોડ કરાઈ હતી. પોલીસ અધિકારીઓએ કહ્યું છે કે, હુમલાખોરોને ઓળખી કાઢવા સીસીટીવી કેમેરાનો ઉપયોગ કરાઈ રહ્યો છે. બજરંગદળે હુમલાની જવાબદારી સ્વિકારી હોવાનું જાણવા મળ્યું છે. સાથે-સાથે વધુ થિયેટરો ઉપર તોડફોડ કરવાની ધમકી પણ આપવામાં આવી છે. બજરંગ દળના એક સભ્યએ માહિતી આપતા કહ્યું છે કે, અમારા ૧૫થી ૨૦ લોકો થિયેટરો ઉપર પહોંચ્યા હતા. વિરોધ જારી રાખવાની વાત પણ કરવામાં આવી છે. અનુષ્કા શર્મા અને સુશાંતસિંહ રાજપુત વચ્ચે રોમેન્ટીક ગીત લવજેહાદને પ્રોત્સાહન આપે છે તેમ બજરંગદળના સભ્ય દ્વારા જણાવાયું છે. વિશ્વ હિંદુ પરિષદના કેટલાક કાર્યકરો આગરામાં પણ એક થિયેટરમાં ઘુસી ગયા હતા અને તોડફોડ કરી હતી.

પીકે ફિલ્મને લઈને હવે ઘણા કટ્ટરપંથી સંગઠનો મેદાનમાં આવી ગયા છે. કેટલાક રુઢીવાદી લોકો પણ ધાર્મિક ભાવનાને નુકશાન પહોંચડાવમાં આવ્યા હોવાનો આક્ષેપ કરી પ્રતિબંધની માંગ કરી રહ્યા છે. આ ફિલ્મની કમાણી રેકોર્ડ સપાટી પર પહોંચી રહી છે. માત્ર અમદાવાદમાં જ નહીં બલ્કે ગુજરાતના અન્ય કેટલાક ભાગોમાં પણ આને લઈ વાંધો ઉઠાવાયો છે. હિંદુ દેવી-દેવતાઓના અપમાનની પણ વાત ફિલ્મમાં હોવાનું કરવામાં આવી રહી છે.દરમિયાન ગુજરાતના રાજકોટ, સુરેન્દ્રનગર, નડિયાદમાં પણ જોરદાર તોડફોડ કરવામાં આવી છે.



પી.કે. ફિલ્મને લઈને વિરોધ વધુ તીવ્ર બની રહ્યો છે. સોમવારે અમદાવાદમાં થિયેટરોમાં તોડફોડ કરવામાં આવીહતી.

# બોર્ડની પરીક્ષા માટે નવા ૩૪ કેન્દ્રોને મંજુરી મળી

અમદાવાદ, તા.૨૯

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષા સિમિતિ અને બેઠક આજે ગાંધીનગર ખાતે મળી હતી. જેમાં માર્ચ-૨૦૧૫ માં યોજનારી પરીક્ષાના આયોજન અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. બેઠકમાં બોર્ડની પરીક્ષા અંગે પેટા કેન્દ્રો માટે આવેલ અરજીમાં નવા ૩૪ પેટા કેન્દ્રો મંજુરી આપવામાં આવી છે.

પરીક્ષામાં ચાલું વર્ષ ૧૦,૬૮, ૦૦૦ જેટલા વિક્રમજનક ઉમેદવારો નોંધાયા છે. જેથી બેઠક આટલી મોટી સંખ્યામાં ઉમેદવારો યોગ્ય બેઠક વ્યસ્થા કરવાના ઉદશ્યથી રાજયમાં નવા ૩૪ પરીક્ષા પેટા કેન્દ્રોને મંજુરી આપવામાં આવી છે સાથે જ ચાલુ વર્ષે ઘોરણ-૧૦થી પરીક્ષા કુલ ૯૧૪ કેન્દ્રો, પેટા કેન્દ્રો ઉપરથી લેવામાં આવશે. મંજુરી અપાયેલા તમામ નવા પેટાકેન્દ્રો ને રેકોડીંગની સુવિધા સહિતના સીસીટીવી કેમેરા લગાડાવાની શરતે પરીક્ષા સમિતિ દ્વારા મંજુરી આપવામાં આવી છે. જે પેટાકેન્દ્રોને મંજુરી આપવામાં આવી છે.

# બોર્ડ-નિગમના ૭ અધ્યક્ષ, બે ઉપાધ્યક્ષોની નિમણૂંકો

અમદાવાદ,તા ૨૯

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે રાજ્ય સરકારના વિવિધ બોર્ડ-નિગમોમાં ૭ અધ્યક્ષ, બે ઉપાધ્યક્ષ અને ૩૧ સભ્યોની નિમણૂંકના આદેશ કર્યા છે. છેલ્લા કેટલાક સમયથી અમદાવાદ શહેરના ભાજપના સંગઠન ઉપર મજબુત પકડ ધરાવવા આનંદીબેન પટેલ અને અમિત શાહ વચ્ચે ભારે સ્પર્ધા ચાલી રહી છે. મુખ્યમંત્રી આનંદીબેન પટેલે આજે બોર્ડ નિગમના ચેરમેનની કરેલી નિમણૂંકમાં ઔડાના ચેરમેન પદેથી ધર્મેન્દ્ર શાહનું પત્તુ કાપી તેમના માનીતા અમદાવાદ મ્યુનિ.સ્ટેન્ડિંગ કમિટીના ભૂતપૂર્વ ચેરમેન ભૂપેન્દ્ર પટેલને ગોઠવતા ફરી એકવાર આ બન્ને નેતાઓ વચ્ચે ચાલતો ગજગ્રાહ સપાટી પર આવ્યો હોવાનું ભાજપના વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે.મુખ્યમંત્રીએ રાજ્યના વિવિધ બોર્ડ નિગમોમાં અત્યાર સુધીમાં સમગ્રત્યા ૨૦ અધ્યક્ષ, ૭ ઉપાધ્યક્ષ અને ૧૪૪ સભ્યોની નિમણૂંક કરી છે. આનંદીબેન પટેલે જે બોર્ડ-નિગમોમાં નવા અધ્યક્ષ-ઉપાધ્યક્ષ અને સભ્યોની આજે નિમણૂંક કરી છે તે નીચે મુજબ છે.

### અધ્યક્ષોની નિમણૂંક

| નામ | બોર્ડ કોર્પોરેશનનું નામ |
|---|---|
| રમીલાબેન બારા, સાબરકાંઠા | ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરશન |
| કુબેરભાઈ ડીંડોર, પંચમહાલ | ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ |
| ધનસુખભાઈ ભંડેરી, રાજકોટ | ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ |
| નિરવભાઈ ભાદરીયા, કચ્છ | અંજાર વિસ્તાર વિકાસ મંડળ |
| ભૂપેન્દ્રભાઈ અમદાવાદ | અમદાવાદ શહેરી વિકાસ મંડળ |
| મીનાબેન ચંદ્રકાંત પંડ્યા, પંચમહાલ | ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ |
| દિલીપસિંહ ચુડાસમા, જામનગર | જામનગર વિસ્તાર વિકાસ સત્તામંડળ |

### ઉપાધ્યક્ષોની નિમણૂંક

| | |
|---|---|
| ચૈતન્ય શંભુપ્રસાદ, અમદાવાદ | ગૌ સેવા આયોગ |
| પંકજ ભટ્ટ, રાજકોટ | ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી |

### સભ્યોની નિમણૂંક

| બોર્ડ કોર્પોરેશનનું નામ | સભ્ય |
|---|---|
| ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી | ઈલાબેન વિનુભાઈ-ભરુચ, ધીરુભાઈ સરવૈયા-રાજકોટ સુમાભાઈ ધામેલિયા-ગઢડા, મંગળસિંહ રાણા-માણસા, અભેસિંહ રાઠોડ-ભરુચ, ફરીદા મીર-રાજકોટ, દિવાનજી ઠાકોર-જસપુર, સનત પંડ્યા-વડોદરા, અંબુદાન ગઢવી-જુનાગઢ, સાંઈરામ દવે-ગોંડલ, હિતેષ કનોડિયા-મહેસાણા, અરવિંદ વેગડા-રાણીપ, વિનય પંજવાણી-અમદાવાદ, શિલ્પાબેન ઠાકોર-ગાંધીનગર, રતનસિંહ વાઘેલા, ગાંધીનગર |
| ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમ | વેલજીભાઈ સરવૈયા, વીરપુર |
| ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ | કામિનીબેન સોની-વડોદરા, પુષ્પાબેન મિસ્ત્રી-અમદાવાદ, રૂપલબેન શાહ-સુરત |
| અમદાવાદ શહેરી વિકાસ | શૈલેષભાઈ દાવડા, સાણંદ જયેશભાઈ જોશી, અમદાવાદ નૈલેશભાઈ શાહ, કલોલ |
| ગુજરાત રાજ્ય માર્ગ અને વાહનવ્યવહાર | વિનુભાઈ કથીરિયા-જુનાગઢ, બિપીન દવે-સુરેન્દ્રનગર દિનેશભાઈ-બનાસકાંઠા, બાબુભાઈ ચોરીયા-ડાંગ, ભરતભાઈ-પાટણ, વલ્લભભાઈ સાંગાણી-જામનગર, ભગવાનદાસ પંચાલ-ગાંધીનગર, જસુભાઈ ભીલ-વડોદરા, હેમાલીબેન બોઘાવાલા-સુરત |

# ભાજપ સરકારથી પ્રજામાં નારાજગી : શંકરસિંહ


અમદાવાદ, તા.૨૯

પ્રદેશ કારોબારીને માર્ગદર્શન આપતા ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે ગ્રામ્ય વિસ્તારમાં લોકોને સાચા કામમાં સાચા કામમાં પણ વહીવટીંતંત્ર જવાબ આપતા નથી. કોંગ્રેસ પક્ષ તરીકે તાલુકા અને જીલ્લા કક્ષાએ લોકોના પ્રશ્નોને વાચા આપતી જોઈએ. લોકોને ભાજપા સરકારથી નારાજગી છે.

કોંગ્રેસ પક્ષના કાર્યકરોએ તેમની વાત સાંભળીને વહીવટીતંત્ર સમક્ષ રજૂઆત કરવી જોઈએ અને તેના માટે ઉપવાસ આંદોલન કરવા જોઈએ. પ્રદેશ કારોબારીને માર્ગદર્શન આપતા એ.આઈ.સી.સી. ના મંત્રી અને ગુજરાત કોંગ્રેસના સહ પ્રભારી સજ્જનસિંહ વર્માએ જણાવ્યું હતું કે દક્ષિણ ગુજરાતમાં ખેડુતોને મુદ્દે આંદોલનમાં મોટી સફળતા મળી હતી. સાથોસાથ સુરતમાં નાગરિકોના પ્રશ્નો અંગે જન મોરચાનું આયોજન થયું હતું. જેમાં ૩૦૦૦ કરતા વધુ લોકો જાડાયા હતા.

આગામી દિવસોમાં દરેક જીલ્લા દીઠ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે તો તમામ વરિષ્ઠ આગેવાનો જોડાશે. આજની પ્રદેશ કારોબારીમાં રાજયના ખેડુતોને કપાસ, મગફળી, ડાંગર સહીત ખેત પેદાશો ભાવ ભાજપ સરકાર તાકીદે આપે. કપાસ સહીત ખેત પેદાશોના ઓછા ભાવને કારણે દેવાદાર બનેલ ખેડુતો કે જેમને આત્મહત્યા કરવાની ફરજ પડી છે તેમને રાજય સરકાર ૧૦-૧૦ લાખ રૂપિયા ચુકવે તેવી માંગ કરવામાં આવી હતી. કારોબારીમાં એ.આઈ.સી.સી.ના મંત્રી ઈશ્શાદ મિરઝાએ પણ માર્ગદર્શન આપ્યું હતું. આજની કીરોબારીમાં કોંગ્રેસ પક્ષના નેતા રાવલ તથા એન.એસ.યુ.આઈ યુથ કોંગ્રેસ સેવાદળ ના વડા ઉપસ્થિત રહ્યા હતા. ખેડુતોને પડી રહેલી મુશ્કેલી અને કપાસ, ડાંગર અને મગફળીના યોગ્ય ભાવ મળે તે માટેના ઠરાવ ખેડુત આગેવાનો અને ધારાસભ્ય રાધવજીભાઈ પટેલે રજુ કર્યો હતો. જ્યારે સરકારના તાયફા સમાન વાયબ્રન્ટને કારણે શ્રમજીવીઓને રોજગારી છીનવાઈ રહી છે. તો તેઓને ઠરાવ પૂર્વ કેન્દ્રીય મંત્રી ડાં.તુષારભાઈ ચૌધરીએ રજુ કર્યો હતો. બંને ઠરાવ ઉપર વિસ્તૃત ચર્ચા સાથે અનેક આગેવાનોએ મહત્વપૂર્ણ સુચનો કર્યા હતા.

## શબ્દાવલી - ૫૬૦૨



### આડી ચાવી

૧. સામાજિક ના હોય તેવું કે તેથી ઉલ્ટું (૫)
૩. બીજાને ઠેકાણે લાવવા પોતાના પર કરેલ જબરદસ્તી(૨)
૫. બ્રાહ્મણ (૨)
૬. એક કંદ (૩)
૭. સૂર્ય (૪)
૯. અનાથ (૩)
૧૦. રટ, જીદ (૨)
૧૧. જેમ તેમ ઢસડાતુ ચાલતુ(૪)
૧૩. સપના (૩)
૧૫. જાળવણી (૩)
૧૭. પ્રેમ ના જુએ જાત... (૩).
૧૯. કાપાકાપી, કતલ (૫)

### ઊભી ચાવી

૧. અજોડ, બેનમૂન (૪)
૨. શણગાર (૨)
૩. આતંક, હેરાનગતિ (૨)
૪. ગુણવાળી વ્યક્તિ (૪)
૬. હોઠ (૨)
૭. મરણ સુધીના (૫)
૮. સાત્ત્વિકનું વિરોધી (૩)
૧૨. ઉપયોગને અંગ્રેજીમાં... કહેવાય (૨)
૧૩. સારા સગુન (૩)
૧૬. નૃત્યાંગના (૩)
૧૮. શહીદી વહોરવી, ... થવું(૨)

### શબ્દાવલી ૫૬૦૧ના જવાબ

**આડી ચાવી :-** (૧) જીગરજાન (૫) દ્યમ (૭) રાજસી (૮) રમોવહે (૧૦) ફરાક (૧૧) સિંહ (૧૨) કોહરામ (૧૫) ચલમ (૧૬) જાર (૧૭) હવા (૧૮) મહેતલ (૨૧) તાલ (૨૩) ટમટમ (૨૪) પતંગ

**ઊભી ચાવી :-** (૧) જીરાફ (૨) ગજરાજ (૩) રસીક (૪) નરસિંહ (૫) દ્યવ (૬) મહેર (૯) મોહરા (૧૨) કોલમ (૧૩) મજાલ (૧૪) કોહવાટ (૧૯) તલપ (૨૦) ઘાટ (૨૨) તાગ

# જેઈઈ-મેઈન ઓનલાઆઈન રજીસ્ટ્રેશનની મુદતમાં વધારો

## નોંધણીમાં બાકી રહી ગયેલા વિદ્યાર્થીઓને પણ તક મળશે : ૧૦ જાન્યુઆરી સુધી નોંધણી કરી શકાશે

અમદાવાદ, તા.૨૯

દેશની ટોચની ડીઝી એન્જિનીયરીગ કોલેજો ઉપરાંત આર્કિટેક અને પ્લાનીંગ ઈજનેરીમાં પ્રવેશ માટે ફરજિયાત એવી જોઈન્ટ એન્ટ્રન્સ ટેસ્ટ ની પરીક્ષાના ઓનલાઈન રજિસ્ટ્રેશનમાં વધારો કરાયો છે. હવે વિગ્યાર્થીઓ ૧૦મી જાન્યુઆરી સુધી જેઈઈની પરીક્ષા માટે રજીસ્ટ્રેશન કરવી શકશે. જેનો સીધો લાભ અત્યાર સુધી રજીસ્ટ્રેશનમાં બાકી રહી ગયેલા વિદ્યાર્થીઓને મળશે. પ્રાપ્ત થતી માહીતી મુજબ ડીગ્રી એન્જિનીયરીંગ કોલેજો માં પ્રવેશ માટે જોઈન્ટ એન્ટ્રન્સ એકઝામ (જેઈઈ) ફરજીયાત કરવામાં આવે છે.

આ પરીક્ષાનું આયોજન સેન્ટ્રેલ બોર્ડ ઓફ સેકેન્ડરી એજ્યુકેશન બોર્જ દ્વારા કરવામાં આવે છે. ત્યારે ચાલુ વર્ષે સીબીએસઈ દ્વારા ૪ થી ૧૪ એપ્રિલ-૨૦૧૫ દરમિયાન જેઈઈ મેઈન પરીક્ષા લેવાનું આયોજન કરવામાં આપ્યું છે જેમાં ૪ એપ્રિલનાં રોજ ઓફલાઈન પરીક્ષા લેવામાં આવનાર છે જે વિદ્યાર્થીઓ ઓફલાઈન પરીક્ષા આપવા ઈચ્છતા તેઓએ એ દિવસે પરીક્ષા આપવાની રહેશે. ત્યાર બાદ ૧૦ થી ૧૧ મી એપ્રિલે ઓનલાઈન પરીક્ષા લેવામાં આવશે. પરીક્ષા માટે ઓનલાઈન રજિસ્ટ્રેશન માટે ૧૮ ડિસેમ્બર સુધીની સમય મર્યાદા નક્કી કરાઈ હતી. જોકે નિચ્ચિત સમય મર્યાદામાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ફોર્મ ભરવાની વંચિત રહી ગયા હોવાનું ધ્યાને આવત સીબીએસઈએ જેઈઈ ના ઓનલાઈન રજિસ્ટ્રેશનનો સમય મર્યાદામાં વધારો કર્યો છે. હવે વિદ્યાર્થીઓ ૧૦ જાન્યુઆરી સુધી ઓનલાઈન રજિસ્ટ્રેશન કરવી શકાશે જેથી જેઈઈ માટે રડિસ્ટ્રેશન કરવામાં બાકી રહી ગયેલા એન્જિનિયરીંગમાં પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીઓ લાભ મેળવી શકશે. ઉલ્લેખનીય છે કે જેઈઈ મેઈનમાં દર વર્ષ ૧૦ થી ૧૨ લાખ જેટલા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહેતા હોય છે. જેમાંથી પ્રથમ દોઢ લાખમાં આવતા વિદ્યાર્થીઓને જેઈઈ-એડવાન્સ ની પરીક્ષા માટે લાયક ગણવામાં આવે છે. જેઈઈ મેઈનમાં કુલ બે પેપર લેવામાં આવે છે. ડિગ્રી એન્જિનિરીંગમાં પ્રવેશ માટે પેપર અને આર્કિટેક અને પ્લાનીંગમાં પ્રવેશ લેવામાં ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે પેપર-૨ ની પરીક્ષા આપવાની હોય છે.

## મેળવેલી માહિતી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ભારતના આઝાદી ચળવળમાં પૂજય બાપુના નેતૃત્વમાં ખેલાયેલ અહિંસક સંઘર્ષ-જંગની વિગતોને તલસ્પર્શી રીતે આવરી લેવામાં આવી છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે, મહાત્મા ગાંધીએ વિશ્વના જે નેતાઓને પ્રેરિત કર્યા છે તેમને પણ આ કુટિરના ધ્યાન ખંડની રચનામાં સમાવિષ્ટ કરવામાં આવ્યાં છે. આધુનિક તકનીકનો વ્યાપક વિનિયોગ આ દાંડી કુટિરના નિર્માણમાં કરવામાં આવ્યો છે. મુખ્યમંત્રીના આ નિરીક્ષણ-માર્ગદર્શન મુલાકાત વેળાએ મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સચિવ કૈલાસનાથન, ઊધોગ અગ્ર સચિવ અતનું ચક્રવર્તી, માર્ગ-મકાન ચસિવ જૈન અને વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# રાજયભરમાં તાપમાનમાં ફેરફાર : વધુ ઠંડીની આગાહી

અમદાવાદ,તા. ૨૯

અમદાવાદ સહિત મોટાભાગના વિસ્તારોમાં તાપમાનમાં ફરી એકવાર વધારો થયો છે. હવામાન વિભાગ તરફથી કોલ્ડવેવની કોઇ ચેતવણી જારી ન કરાતા તંત્રને રાહત થઇ છે. બીજી બાજુ લઘુત્તમ તાપમાન અને મહત્તમ તાપમાનમાં સતત ફેરફારો થઇ રહ્યા છે. અમદાવાદમાં આજે લઘુત્તમ તાપમાન વધીને ૧૨ ડિગ્રી થયું હતું. બીજીબાજુ નલિયામાં સૌથી ઓછું તાપમાન ૮ ડિગ્રી નોંધાયું હતું. ઉત્તરપૂર્વથી પૂર્વીય પવનોના પરિણામ સ્વરૂપે તાપમાનમાં ઉતાર ચઢાવની સ્થિતિ જોવા મળી રહી છે. આજે લઘુત્તમ તાપમાન અમદાવાદમાં ૧૨ ડિગ્રી નોંધાયું હતું જે ઘટીને આવતીકાલે ફરીવાર ૧૧ ડિગ્રીની આસપાસ રહે તેવી શક્યતા છે. કાશ્મીર અને હિમાચલ પ્રદેશમાં બરફ વર્ષાને પગલે ઉત્તર ભારતના રાજ્યોમાં પડી રહેલી હાડથીજાવતી ઠંડીની અસર હવે ગુજરાતમાં પણ વર્તાવા લાગી છે.છેલ્લા કેટલાક દિવસથી રાજ્યના શહેરોના લઘુત્તમ તાપમાનમાં થઇ રહેલી વધઘટ બાદ હવે ઠંડીનું જોર વધવા લાગ્યું છે.ગરમવસ્ત્રોમાં લોકો સજ્જ દેખાઈ રહ્યા છે. હવામાન વિભાગ માને છે કે દેશના અન્ય ભાગોમાં ઉતારચઢાવની સ્થિતિની સીધી અસર ગુજરાતમાં પણ જોવા મળી રહી છે. ડિસેમ્બર મહિનામાં દેશના અન્ય ભાગોમાં વધુ ઠંડી છે ત્યારે ગુજરાતમાં ઓછી ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે.